પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૧૧૪ | ૪ જુલાઈ, ૨૦૨૨, સોમવાર; અષાઢ સુદ - ૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# આપણે બીજાની ભૂલોમાંથી શીખવાનું છે : મોદી

## મોદીએ પાર્ટીના બધા કાર્યકર્તાઓને સ્નેહ યાત્રા યોજવા કહ્યું છે, જેનાથી તે સમાજના દરેક વર્ગ સુધી પહોંચી શકે



હૈદરાબાદ, તા.૩

ભાજપની રાષ્ટ્રીય કાર્યકારી સમિતિની બેઠકના છેલ્લા દિવસે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પાર્ટીના સભ્યોને 'સ્નેહ યાત્રા' કરવા અને સમાજના બધા વર્ગો સુધી પહોંચવા કહ્યું. પીએમ મોદીએ હૈદરાબાદને ભાગ્યનગર જણાવ્યું. તેમણે કહ્યું કે, આપણે અગાઉની સરકારો અને બીજા પક્ષોની મજાક ઉડાવવાની નથી, પરંતુ તેમની ભૂલોમાંથી શીખવાનું છે. તેલંગણાના પાટનગર હૈદરાબાદમાં ભાજપની રાષ્ટ્રીય કાર્યકારી સમિતિની બેઠકના બીજી અને છેલ્લા દિવસે પીએમ મોદીએ પોતાનું સંબોધન કર્યું. પીએમએ આ દરમિયાન હૈદરાબાદને ભાગ્યનગર જણાવતા કહ્યું કે, તેને ભાગ્યનગર કહેવું એટલા માટે મહત્વપૂર્ણ છે કે, ભાજપના બાકી નેતા પણ તેનું નામ ભાગ્યનગર કરવાની વકીલાત કરી ચૂક્યા છે. પીએમએ કહ્યું કે, 'મુખ્યમંત્રી યોગીએ પણ તેને ભાગ્યનગર કહીને સંબોધિત કરી હતી.' તે ઉપરાતં ભાજપની આ બેઠકમાં પીએમ મોદીએ પાર્ટીના બધા કાર્યકર્તાઓને સ્નેહ યાત્રા યોજવા કહ્યું છે, જેનાથી તે સમાજના દરેક વર્ગ સુધી પહોંચી શકે. ભાજપના નેતા રવિશંકર પ્રસાદે બેઠકમાં પીએમ મોદીએ

● અનુસંધાન પાન-૭ પર

# મહારાષ્ટ્ર વિધાનસભા અધ્યક્ષની ચૂંટણીમાં રાહુલ નાર્વેકરની જીત

## મહારાષ્ટ્ર વિધાનસભાના સ્પીકર બન્યા ભાજપના ધારાસભ્ય : વોટિંગમાં રાહુલ નાર્વેકરને બહુમતીનો આંકડો મળ્યો : રાહુલ નાર્વેકરની તરફેણમાં ૧૬૪ મત પડ્યા : વિપક્ષના ઉમેદવાર રાજન સાલ્વીને હરાવ્યા

મુંબઈ, તા.૩

મહારાષ્ટ્ર વિધાનસભા અધ્યક્ષની ચૂંટણીમાં ભાજપ અને સીએમ એકનાથ શિંદે જૂથના ઉમેદવાર રાહુલ નાર્વેકરે જીત મેળવી છે.

વિધાનસભામાં મત ગણતરીની પ્રક્રિયા પૂર્ણ થઈ હતી. વોટિંગમાં રાહુલ નાર્વેકરને બહુમતીનો આંકડો મળ્યો છે. રાહુલ નાર્વેકરની તરફેણમાં ૧૬૪ મત પડ્યા હતા. રાહુલ નાર્વેકરે વિપક્ષના ઉમેદવાર રાજન સાલ્વીને હરાવ્યા છે. રાજન સાલ્વી બહુમતીના આંકડા સુધી પણ પહોંચી શક્યા નથી. જો કે પહેલાથી જ એવી ધારણા હતી કે મહારાષ્ટ્ર વિધાનસભા અધ્યક્ષની ચૂંટણીમાં રાહુલ નાર્વેકર જીતશે. આંકડા તેમની તરફેણમાં હતા.



અત્રે ઉલ્લેખનીય છે કે રાહુલ નાર્વેકર મુંબઈની કોલાબા વિધાનસભાથી ભાજપના ધારાસભ્ય છે. વર્ષ ૨૦૧૯ માં મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણી પહેલા તેઓ ભારતીય જનતા પાર્ટીમાં જોડાયા હતા. અગાઉ રાહુલ નાર્વેકર એનસીપી અને શિવસેના સાથે સંકળાયેલા છે.

જાણો લો કે રાહુલ નાર્વેકર કોલાબાના ધારાસભ્ય છે. બીજેપીમાં જોડાતા પહેલા તેઓ એનસીપી અને શિવસેના સાથે પણ ગાઢ સંબંધ ધરાવતા હતા. ઉલ્લેખનીય છે કે, રાહુલ નાર્વેકર દ્રઝૅના વરિષ્ઠ નેતા અને મહારાષ્ટ્ર વિધાન પરિષદના અધ્યક્ષ રામરાજકે નાઈકના જમાઈ છે. મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણી ૨૦૨૦ના એક વર્ષ પહેલા રાહુલ નાર્વેકર ભાજપમાં જોડાયા હતા, ત્યારબાદ તેઓ ધારાસભ્ય બન્યા હતા અને હવે તેઓ મહારાષ્ટ્ર વિધાનસભાના સ્પીકર બન્યા છે. રાહુલ નાર્વેકર શિવસેના અને રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી સાથે પણ જોડાયેલા હતા. રાહુલ શિવસેના યુથ વિંગના પ્રવક્તા પણ રહી ચૂક્યા છે. રાહુલ નાર્વેકર રાજકીય પરિવાર સાથે સંબંધ ધરાવે છે.

# દેશમાં કોરોનાના ૧૬,૧૦૩ નવા કેસ

## છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં ૩૧ લોકોના મોત : દેશમાં ફરી એકવાર કોરોના વાયરસના કેસ વધી રહ્યા છે

નવી દિલ્હી, તા.૩

દેશમાં ફરી એકવાર કોરોના વાયરસના કેસ વધી રહ્યા છે. નવા કેસના આંકડો હાલ જાહેર કરવામાં આવ્યા છે, બીજી બાજુ કોરોના વાયરસના નવા કેસ રોજેરોજ ૧૫ હજારથી વધુ નોંધાઈ રહ્યા છે, જે ચિંતાનું કારણ બન્યું છે. સ્વાસ્થ્ય મંત્રાલયે આજે જાહેર કરેલા આંકડા પ્રમાણે છેલ્લા ૨૪ કલાકમાં ૧૬ હજાર ૧૦૩ નવા કેસ નોંધ્યા છે, જ્યારે ૩૧ લોકોનું મોત થયું છે.

શનિવારે નોંધાયેલા આંકડા બાદ હવે દેશમાં એક્ટિવ કેસની સંખ્યા વધીને ૧ લાખ ૧૧ હજાર ૭૧૧ થઈ ગઈ છે. જ્યારે, હાલના સમયમાં દેશમાં ડેઈલી પોઝિટિવિટી રેટ ૪.૨૭ સુધી પહોંચી ચૂક્યો છે. તમને જણાવી દઈએ કે, છેલ્લા કેટલાક દિવસોમાં દેશમાં ૧૩ હજાર ૯૨૯ દર્દી આ મહામારીમાંથી સ્વસ્થ થયા છે. ગઈકાલના મુકાબલે કોરોના કેસમાં ઘટાડો નોંધાયો છે. શુક્રવારે દેશમાં કોવિડના ૧૭,૦૯૨ નવા કોવિડ કેસ સામે આવ્યા, જ્યારે ૨૯ દર્દીઓના મોત થયા છે.

કોરોના સંક્રમણના કુલ આંકડા પર નજર નાંખીએ તો અત્યાર સુધી ૪ કરોડ ૩૫ લાખ ૨ હજાર ૪૨૯ મહામારીની ઝપેટમાં આવી ચૂક્યા છે. જ્યારે કોરોનાના કારણે કુલ ૫ લાખ ૨૫ હજાર ૧૦૦ લોકોના મોત થયા છે. વેક્સીનેશનની આંકડા પર નજર નાંખીએ તો ૧૯૭ કરોડ ૯૫ લાખ ૭૨ હજાર ૯૬૩નો આંકડો પાર થઈ ચૂક્યો છે. છેલ્લા ૨૪ કલાકમાં ૧૦ લાખ ૧૦ હજાર ૬૫૨ લોકોને વેક્સીનેટ કરવામાં આવ્યા છે.

# ઉપરાષ્ટ્રપતિની ચૂંટણીમાં ભાજપ સૌથી મજબૂત

## જીતવા માટે કોઇના સાથની જરૂર નહી : ઉપ રાષ્ટ્રપતિ વેંકૈયા નાયડૂ ૧૧ ઓગસ્ટના રોજ નિવૃત થઇ રહ્યા છે : હવે ઉપરાષ્ટ્રપતિ ચૂંટણી પ્રક્રિયા શરૂ થશે

નવી દિલ્હી, તા.૩

દેશમાં રાષ્ટ્રપતિની સાથે સાથે ઉપરાષ્ટ્રપતિ ચૂંટણીની ચર્ચા થઈ રહી છે. ભારતના હાલના ઉપ રાષ્ટ્રપતિ વેંકૈયા નાયડૂ ૧૧ ઓગસ્ટના રોજ નિવૃત થઈ રહ્યા છે. એવામાં હવે ઉપરાષ્ટ્રપતિ ચૂંટણીની પ્રક્રિયા પણ શરૂ થઈ જશે. તેને લઈને રાજકીય પાર્ટીઓએ તેને લઈને ઉમેદવારોનું મંથન શરૂ કરી દીધું છે. ૧૮ જુલાઈએ યોજાનાર રાષ્ટ્રપતિ ચૂંટણીમાં ભાજપ જ્યાં અન્ય પાર્ટીના સમર્થનની જરૂર પડશે, પરંતુ ઉપરાષ્ટ્રપતિ ચૂંટણીમાં ભાજપને પોતાના ઉમેદવારને જીતાડવા માટે પર્યાપ્ત વોટ નથી. આવો ઉપરાષ્ટ્રપતિની ચૂંટણીનું ગણિત સમજીએ છીએ.

જેમ જેમ ઉપરાષ્ટ્રપતિ ચૂંટણી નજીક આવી રહી છે, તમામ રાજકીય પાર્ટીઓએ તેને લઈને ઉમેદવારોનું મંથન શરૂ કરી દીધું છે. મીડિયા રિપોર્ટ્સનું માનીએ તો ઉપરાષ્ટ્રપતિ માટે કેટલાક નામ પણ સામે આવ્યા છે. પરંતુ ઉપરાષ્ટ્રપતિ ચૂંટણીનું ગણિત સ્પષ્ટ જોવા મળી રહ્યું છે કે ભાજપને આ ચૂંટણીમાં કોઈ વાંધો નથી. ભાજપને જીતવા માટે કોઈ અન્ય પાર્ટીઓના સમર્થનની પણ જરૂર નહી પડે.

અત્રે ઉલ્લેખનીય છે કે ઉપરાષ્ટ્રપતિની ચૂંટણીમાં ફક્ત મનોનીત સાંસદ સહિત ફક્ત લોકસભા અને રાજ્યસભાના સાંસદ જ વોટીંગ કરી શકે છે. ઉપરાષ્ટ્રપતિ ચૂંટણીમાં લોકસભાના ૫૪૩ અને રાજ્યસભામાં ૨૩૨ સાંસદ વોટ કરે છે. આ વર્ષે થયેલી રાજ્યસભા ચૂંટણીમાં ભાજપને ૩ સીટોનું નુકસાન થયું છે. ત્યારબાદ રાજ્યસભામાં ભાજપ પાસે ફક્ત ૯૨ સાંસદ બચ્યા છે. તો બીજી તરફ નીચલા સદન લોકસભામાં ભાજપ અને એનડીએ પાસે બહુમ છે. તાજેતરમાં જ થયેલી પેટાચૂંટણીમાં ભાજપને બે સીટ પ્રાપ્ત થઈ છે. જો ભાજપના લોકસભા અને રાજ્યસભાના કુલ સાંસદોને સંખ્યાને જોડવામાં આવે, તો તે ૩૯૫ જીત હોય છે. તો બીજી તરફ ઉપરાષ્ટ્રપતિ ચૂંટણીમાં જીત માટે ૩૮૮ વોટ જોઈએ. એટલે કે ભાજપ પાસે જરૂરી વોટથી ૭ વોટ વધુ છે. આ પ્રકારે કહેવામાં આવી શકે છે કે ઉપરાષ્ટ્રપતિ ચૂંટણીમાં જીત નક્કી છે. તમને જણાવી દઈએ કે ૨૦૨૨ ના ઉપરાષ્ટ્રપતિ ચૂંટણી માટે અધિસૂચના જાહેર કરી છે. ૬ ઓગસ્ટને તેના માટે મતદાન થશે.

# ઓસ્ટ્રેલિયામાં પૂરથી સ્થિતિ વણસી

## ઓસ્ટ્રેલિયા જેવા વિકસિત દેશમાં પૂરે મુશ્કેલી ઉભી કરી : સિડનીમાં જીવલેણ પરિસ્થિતિનું નિર્માણ થયું : અતિભારે વરસાદ બાદ અહીં ઉભી કરાયેલી તમામ વ્યવસ્થા ફ્લોપ : લોકોને સુરક્ષિત સ્થળ પર જવા સૂચના





સિડની, તા.૩

ઓસ્ટ્રેલિયાના સિડનીનો ડેમ રાતોરાત છલકાતા શહેરમાં વિકટ પરિસ્થિતિ ઉભી થઈ છે, જેમાં ન્યૂ સાઉથ વેલમાં રહેતા લોકોને સુરક્ષિત સ્થળો પર ખસેડવાની કામગીરી હાથ ધરવામાં આવી રહી છે, અહીં વરસાદના કારણે જીવનું જોખમ ઉભી થવાનું એલર્ટ આપવામાં આવ્યું છે. ન્યૂ સાઉથ વેલ્સના લોકો દરિયા કિનારા પાસે ન્યૂકેસ્ટલ અને બેટમેન્સ બેની વચ્ચે રહે છે, અહીંનું વાતાવરણ ઘણું જોખમી બની ગયું છે, જ્યારે આગામી ૨૪ કલાકમાં સ્થિતિ વધારે કપરી થવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે.

નોર્થ રિચમોન્ડમાં આવેલી હાવકેસબરી નદીમાં ભારે પૂરની સ્થિતિ છે, અગાઉના માર્ચ ૨૦૨૧, માર્ચ ૨૦૨૨ અને એપ્રિલ ૨૦૨૨ની જેમ આજે રાત્રે પણ પૂરની સ્થિતિનું નિર્માણ થવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે, અહીંનું વહીવટી તંત્ર પણ પૂરની સ્થિતિને જોતા એક્ટિવ થઈ ગયું છે અને જે વિસ્તારોમાં સ્થિતિ જીવલેણ બનવાની સંભાવના છે ત્યાંથી લોકોને દૂર જતા રહેવા માટેની સૂચના આપવામાં આવી છે.

ઓસ્ટ્રેલિયાના હવામાન વિભાગ દ્વારા હજુ પણ ભારે વરસાદ થવાની અને પૂરની સ્થિતિની સાથે ભૂસ્ખલન થવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે, અહીંથી ૯,૫૦૦ જેટલા લોકોને સ્થળાંતર કરવા માટેની સૂચના આપવામાં આવી છે, ન્યૂ સાઉથ વેલ્સના લોકોને તાત્કાલિક જગ્યા છોડવા માટે કહેવામાં આવ્યું છે, કારણ કે આ કુદરતી આફત જીવલેણ સાબિત થઈ શકે છે. જણાવવામાં આવી રહ્યું છે કે, સિડનીના ન્યૂ સાઉથ વેલ્સમાં હજારો લોકો લો-લાઈંગ વિસ્તારમાં રહે છે, અને તેમના માટે પૂર જીવનું જોખમ ઉભું કરી શકે છે.

પૂરની સ્થિતિના કારણે કેમડેન, વોરોનોરા, ચિપ્પિંગ નોરટોન, જીયોરગેસ હોલ, લાન્સવેલ, મૂરેબેંક, વારવિક ફાર્મ, પેનરિથ અને ઈમુ પ્લેઈન્સ જેવા વિસ્તારોને જોડતા રસ્તાઓ પર પાણી ભરાઈ જાવાથી અને નુકસાન થવાની લોકોએ ભારે મુશ્કેલીનો સામનો કરવો પડશે.

પાછલા ૨૪ કલાકમાં સિડનીના ન્યૂ સાઉથ વેલ્સમાં રહેતા લોકોના મદદ માટે ૧૪૦૦ જેટલા ઈમર્જન્સી ફોન આવી ગયા છે.

આ ફોન કૉલ બાદ હાથ ધરવામાં આવેલી ઈમર્જન્સી સર્વિસમાં ૨૯ લોકોને કપરી પરિસ્થિતિમાંથી બહાર કાઢવામાં આવ્યા છે. ઘણાં વિસ્તારમાં ૮ ઈંચ જેટલો ભારે વરસાદ થયા બાદ આ કપરી પરિસ્થિતિનું નિર્માણ થયું છે.

# ઉમેશના અંતિમ સંસ્કારમાં પણ આરોપી યુસુફ સામેલ થયો હતો

## મૃતક ઉમેશની આરોપી યુસુફ સાથે હતી દોસ્તી : અમરાવતીમાં બીજેપી નેતા નૂપુર શર્માના સમર્થનમાં પોસ્ટ કરનાર કેમિસ્ટ ઉમેશ કોલ્હેની હત્યા મામલે મોટો ખુલાસો

મુંબઈ, તા.૩

મહારાષ્ટ્રના અમરાવતીમાં બીજેપી નેતા નૂપુર શર્માના સમર્થનમાં સોશિયલ મીડિયા પોસ્ટ કરનાર કેમિસ્ટ ઉમેશ કોલ્હેની હત્યા મામલે મોટો ખુલાસો થયો છે. જાણકારી પ્રમાણે ઉમેશ કોલ્હે જે વોટ્સએપ ગ્રુપમાં નૂપુર સંબંધિત પોસ્ટ કરી હતી, તે ગ્રુપમાં આરોપી ડો. યુસુફ ખાન બહાદુર પણ હતો. ઉમેશે નૂપુર શર્માને લઈને પોતે કશું લખ્યું ન હતું પણ ૪-૫ પોસ્ટને ફક્ત ફોરવર્ડ કરી હતી. તેની પોસ્ટના સ્ક્રીનશોટ લઈને યુસુફ ખાને અલગ-અલગ ગ્રુપમાં વાયરલ કરી દીધા હતા. આ પછી ઉમેશની હત્યા કરવાનું ષડયંત્ર રચવામાં આવ્યું હતું. જાણકારી પ્રમાણે ઉમેશ કોલ્હેની હત્યાને અંજામ આપવા માટે માસ્ટરમાઈન્ડ ઈરફાન શેખે બે ટીમો બનાવી હતી. એક ટીમ દુકાન સામે રેકી કરવા માટે બની હતી. તેમને ઉમેશ દુકાનમાંથી નીકળે તેની જાણકારી આપવાની જવાબદારી આપવામાં આવી હતી. ઉમેશ ૨૧ જૂનની રાત્રે દુકાન બંધ કરીને ઘરે જવા નીકળ્યો ત્યારે ઘંટાઘર ગલીમાં ઉભેલી બીજી ટીમને તેની જાણકારી આપવામાં આવી હતી. ઉમેશ ત્યાં પહોંચ્યો ત્યારે હુમલાખોરો તેના પર તુટી પડ્યા હતા. તેના પર ચાકુઓથી ઘણા પ્રહારો કરવામાં આવ્યા હતા.

જાણકારી પ્રમાણે યુસુફ ખાને જ ઉમેશ કોલ્હેનો ફોટો ઓળખ માટે ઈરફાન ખાનને મોકલ્યો હતો. ઈરફાને આ જ ફોટો પોતાના સાથીઓને મોકલાવી હત્યો. ઈરફાન ખાનનો એનજીઓ નાગપુરમાં છે. ત્યાંથી જ તે ઓપરેટ કરે છે. નાગપુરમાં બેસીને તેણે ઉમેશ કોલ્હેને મારવા માટે અમરાવતીના લોકલ અપરાધીઓને સોપારી આપી હતી.

# લશ્કરના આતંકીઓને ગ્રામજનોએ દબોચ્યા

જમ્મુ, તા.૩

જમ્મુ-કાશ્મીરમાં સુરક્ષા દળો સતત આતંકવાદીઓનો ખાતમો બોલાવવા માટે ધડાધડ કાર્યવાહી કરી રહ્યા છે. રોજેરોજ આતંકવાદીઓ સાથેના એન્કાઉન્ટરના અહેવાલો સામે આવે છે. જેમાં આતંકવાદીઓ કાં તો મોતને ભેટે છે અથવા તો કેટલાક આત્મસમર્પણ કરે છે. પરંતુ હવે કાશ્મીરમાંથી એવા સમાચાર સામે આવ્યા છે કે કાશ્મીરના રિયાસી જિલ્લામાં સુરક્ષાદળોએ નહીં પરંતુ ગામના લોકોએ બે આતંકવાદીઓને પકડ્યા છે. બંને આતંકીઓ પાસેથી મોટી માત્રામાં હથિયારો અને દારૂગોળો મળી આવ્યો છે. જાણકારો અનુસાર બંને આંતકી લશ્કર-એ-તૈયેબા સાથે જોડાયેલા હતા. બન્ને જણાં તુકસાન ગામમાં છૂપાયેલા હતા, ત્યારે ગ્રામના અમુક લોકોએ તેમને ઘેર્યા હતા. આતંકીયોઓ પકડાયા બાદ પોલીસને તેની સૂચના આપવામાં આવી અને બન્ને જણાંની ધરપકડ કરી લેવામાં આવી હતી. ગ્રામજનોની આ બહાદૂરી માટે ડીજીપીએ તેમણે બે લાખ રૂપિયાનું ઈનામ આપવાની જાહેરાત કરી છે.

# અમેરિકામાં મોટેલ ચલાવતા વધુ એક ગુજરાતીની હત્યા

## મોટેલના ભાડાની માથાકૂટમાં બે ગોળીઓ ધરબી દીધી : ૬૭ વર્ષીય જગદીશભાઈ પટેલનો પરિવાર ૨૦૦૭થી અમેરિકામાં સ્થાયી છે, તેમના પુત્ર અને વહુ ડોક્ટર છે

સુરત, તા.૩

અમેરિકામાં વધુ એક ગુજરાતીની હત્યાનો ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. સાઉથ કેરોલિનાના નોર્થ ચાર્લ્સટન શહેરમાં મોટેલ ચલાવતાં ૬૭ વર્ષીય જગદીશભાઈ પટેલની અશ્વેત યુવકે બે ગોળીઓ ધરબી કરપીણ હત્યા કરી દીધી હતી. મોટેલમાં ભાડા માટે માથાકૂટ થયા બાદ અશ્વેત યુવકે પોતાના પાસે રહેલી ગન વડે જગદીશભાઈ પટેલને માથા તેમજ પેટના ભાગે ગોળીઓ ધરબી દીધી હતી. જે બાદ તેઓને તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા. જો કે, સારવાર દરમિયાન જગદીશભાઈ પટેલે દમ તોડી દીધો હતો. આ મામલે પોલીસે ૩૪ વર્ષીય ડાર્નેલ ડ્વેયન બ્રાઉનની ધરપકડ કરી દીધી છે.

૬૭ વર્ષીય જગદીશભાઈ પટેલ મૂળ સુરતના સચિન વિસ્તારમાં આવેલાં લાજપોર પોપડા ગામના વતની છે અને તેમનો પરિવાર ૨૦૦૭થી અમેરિકામાં સ્થાયી થયેલો છે. અમેરિકાના સ્ટેટ સાઉથ કેરોલિનાના ત્રીજા સૌથી મોટા શહેર નોર્થ ચાર્લ્સટનમાં રિવર્સ એવન્યૂ પાસે ધ ચાર્લ્સટન હાઈટ્સ નામની મોટેલનો વ્યવસાય ચલાવતા હતા.